# EHS નીતિ

કાર્ય સંબંધિત ઇજાઓ, અસ્વસ્થ સ્વાસ્થ્યના નિવારણ તેમજ પર્યાવરણના સંરક્ષણની સુનિશ્ચિતતા માટે સલામત અને સ્વસ્થ કાર્ય વાતાવરણ પ્રદાન કરવા માટે **SEForge** પ્રતિબદ્ધતા અને સ્વામિત્વનું નિદર્શન કરે છે, અને તેથી

**ટોચનું વ્યવસ્થાપન આને માટે પ્રતિબદ્ધ છે :**

- તમામ લાગુ કાનૂની અને અન્ય આવશ્યકતાઓના પાલન કરાવવા
- કુદરતી સંસાધનોના સંરક્ષણ, સમૃદ્ધિ અને ઉત્પન્ન થવું અને ઉત્પન્ન થતા કચરાના યોગ્ય નિકાલને પ્રોત્સાહન આપવા
- ચોક્કસ વ્યવસાયિક સ્વાસ્થ્ય, સલામતી અને પર્યાવરણીય ઉદ્દેશો અને લક્ષ્યો સ્થાપિત કરવા
- સંકટો અને જોખમોથી લોકો અને પર્યાવરણને બચાવવા, સંકટો અને જોખમોની ઓળખ, વર્ગીકરણ, અગ્રતાક્રમ અને નિયંત્રણ માટે સ્થળ પર જોખમ આધારિત પ્રક્રિયા અભિગમ રાખવા
- વ્યવસાયિક સ્વાસ્થ્ય, સલામતી અને પર્યાવરણીય બાબતો પર તમામ હિત ધરાવતા પક્ષો સાથે પરામર્શ અને સહયોગ દ્વારા સકારાત્મક સલામતી સંસ્કૃતિ પ્રદાન કરવા
- હિત ધરાવતા પક્ષોને શિક્ષણ, તાલીમ અને જાગૃતિ દ્વારા યોગ્યતા સુનિશ્ચિત કરવા માટે અમારા વ્યવસાયિક આરોગ્ય, સલામતી અને પર્યાવરણ વિશે જરૂરી માહિતી પ્રદાન કરવા
- યોગ્ય કાર્ય નિષ્પાદન અને સતત સુધારણા સુનિશ્ચિત કરવા માટે અમારા વ્યવસાયિક આરોગ્ય, સલામતી અને પર્યાવરણીય કાર્યક્રમોના માપન, મૂલ્યાંકન અને સંપરીક્ષા કરવા

પર્યાવરણનું વ્યવસ્થાપન કરવામાં, વ્યાવસાયિક સ્વાસ્થ્ય, સલામતી અને પર્યાવરણને પ્રોત્સાહિત કરવા માટે, અમારા કર્મચારીઓ અને અમે જ્યાં સંચાલન કરી રહ્યા છીએ તે સમુદાયોની સુખાકારીમાં **SEForge** સ્વયંની ભૂમિકા સ્વીકારે છે.

વ્યવસાયિક સ્વાસ્થ્ય , સલામતી અને પર્યાવરણ આપણી કાર્ય સંસ્કૃતિના અભિન્ન અંગ રહેશે.

વડોદરા
તારીખ: ૧૯/૦૫/૨૦૨૫

G Gopalsamy

ગોપાલસામી ગુરુસામી
ચીફ ઓપરેટિંગ ઓફિસર
**SEForge Limited.**